# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-ગુજરાત

**ગુજરાત યુનિવર્સિટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૨૦ના અનુસંધાને આણંદ કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકના પશુપાલન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનને લગતી શિક્ષણ અંગેની યોજનાઓ જે તા.૦૧-૦૪-૨૦૨૧થી કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને તબદીલ થયેલ છે, તેમા ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓને સાતમાં પગારપંચનું એરીયર્સ ચુકવવા બાબત.**

**વંચાણે લીધો:-** તા.૧૬-૦૧-૨૦૨૩ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૭મી બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં- ૫૭.૫૩

## જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની નિયામક મંડળની તા.૧૬-૦૧-૨૦૨૩ના રોજ આણંદ ખાતે મળેલ ૫૭મી બેઠકની કાર્યનોંધના મુદ્દાનં-૫૭.૫૩થી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૨૦ અન્વયે આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય તથા ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલયની શિક્ષણ અંગેની યોજનાઓ મહેકમ સહ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને તા. ૦૧-૦૪-૨૦૨૧ની અસરથી હવાલે થયેલ છે, આવી યોજનાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને સાતમા પગારપંચનું એરીયર્સ ચુકવવા બાબતે માન. મંત્રીશ્રી (કૃષિ)ની અધ્યક્ષતામાં તા. ૧૪-૦૯-૨૦૨૨ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં.-૫માં નક્કી થયા મુજબ, રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટી અને કામધેનુ યુનિવર્સિટીઓના કર્મચારીઓને સાતમા પગારપંચના એરિયર્સની ચુકવણી કરવા બાબતે કર્મચારીને જે સમયગાળાનું એરીયર્સ ચુકવવાનું થાય છે, તે સમયગાળાનો પગાર તે કર્મચારીએ જે કચેરી / યુનિવર્સિટી ખાતેથી મેળવ્યો હોય તે જ કચેરી/યુનિવર્સિટી ખાતેથી એરીયર્સની ચુકવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને આ નિર્ણયનો અચૂક અમલ કરવા તમામ યુનિવર્સિટીઓને જણાવવામાં આવેલ છે. વધુમાં સદર બાબતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરએ રાજય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા. ૦૧-૦૪-૨૦૨૧ બાદ કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક, કર્મચારીઓને સાતમાં પગારપંચના તફાવતની રકમ ચુકવવાના સંબંધમાં નાણા વિભાગનો પરામર્શ મેળવી તા. ૧૪-૦૯-૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં.૫માં, દર્શાવ્યા મુજબની આનુષાંગીક કાર્યવાહી કરવા જણાવેલ છે (સેકશન અધિકારી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પરચ - ૧૩૨૦૧૯-એમ-૩૨-પી.૧ તા. ૨૦-૧૦-૨૦૨૨ અને સેકશન અધિકારી, કૃષિ ખેડૂત કલ્યાણ

અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પરચ - ૧૯૨૦૨૨-૧૩૭૪-ક.૨ તા. ૦૬-૧૦-૨૦૨૨થી માન. મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન, ગુજરાત સરકાર, ગાંધીનગરની અધ્યક્ષતામાં તા.૧૪-૦૯-૨૦૨૨ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ). આમ, પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય તથા ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલયમાં ચાલતી શિક્ષણ અંગેની મહેકમસહ યોજનાઓ જે તા. ૦૧-૦૪-૨૦૨૧ની અસરથી મહેકમસહ કામધેનુ યુનિવર્સિટીના નિયંત્રણ હેઠળ છે તેવા અધિકારી/કર્મચારીઓને સાતમા પગારપંચ પ્રમાણેના પગાર તફાવત (એરીયર્સ) (શૈક્ષણિક સંવર્ગોના અધિકારી/કર્મચારીઓના તા. ૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૯ એમ કુલ ૩૯ માસ માટે અને બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૦૭-૨૦૧૭ એમ કુલ ૧૯ મહિના માટે)ના ૫૦ % રાજ્ય સરકારનો ફાળો ચાલુ વર્ષ : ૨૦૨૨-૨૩ના બજેટમાંથી અને ૫૦ % આઇ.સી.એ.આર.નો ફાળો જયારે આઇ.સી.એ.આર. તરફથી ગ્રાંટ ફાળવવામાં આવે ત્યારે ચુકવવા અને આ બાબતે રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક કર્મચારીઓને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં.ગકવ - ૧૯૨૦૧૯ - ૧૭૮૩ - ક.૨, તા. ૨૧/૦૭/૨૦૨૨ તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને ઠરાવ ક્રમાંક : ગકવ-૧૯૨૦૧૮-૬૯૧-ક.૨ તા.૩૦/૦૫/૨૦૨૨થી મંજુરી આપવામાં આવેલ હોય, સરકારશ્રીની સદર મંજુરીની મર્યાદામાં એરીર્યસ ચુકવવા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા નાણાંકીય નિતિ-નિયમોનુસાર ચુકવવાની બાબતે કોમન સ્ટેચ્યુટસ ફોર એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીઝ ઓફ ગુજરાત, ૨૦૧૧ના સ્ટેચ્યુટસ નંબર: એસ ૫૩.૦(૩)થી નાણાં સમિતિને સોંપેલ સત્તા અને કાર્યો અનુસાર ૨૧મી નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં.૨૧.૧૪થી નાણા સમિતિ દ્વારા ગ્રાહ્ય રાખેલ હોય, સદર બાબતને નિયામક મંડળ દ્વારા મંજુર કરવામાં આવે છે. ”

હિસાબ નિયામક

જા.નં.આકૃયુ/હિનિ/કંટ્રોલ/નિ.મં.(૫૭.૫૩)/**૭૦૨૪-૩૦**/૨૦૨૩

તારીખ:-૨૩-૦૧-૨૦૨૩

**નકલ સવિનય રવાના:-**

(૧) નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ.

(૨) યુનિવર્સિટી અધિકારીશ્રી (તમામ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

(૩) કુલસચિવશ્રી (એકેડેમિક શાખા), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ. (૨૦ નકલ)

(૪) તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

**નકલ રવાના:-**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

(૩) આયોજન અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.

## પત્રક – ૧

ટેબલ–૧ :- વર્ષ : ૨૦૨૧–૨૨ દરમ્યાન પશુપાલન અને પશુવિજ્ઞાન કોલેજ તેમજ ડેરી વિજ્ઞાન કોલેજમાં ચાલતી શિક્ષણ અંગેની પ્લાન અને નોન પ્લાન યોજનાઓ જે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને તબદીલ થયેલ અને તા. ૦૧–૦૪–૨૦૨૧થી જે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના હસ્તક છે તેની માહિતી નીચે મુજબ છે :–

### ટેબલ–૧–અ : પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય

| BUDGET HEAD | NAME OF SCHEME |
|---|---|
| **A :** | **PLAN SCHEMES (DEVELOPMENT CHARGES) :-** |
| 12909-00 | STRENGTHENING OF COLLEGE OF VETERINARY SCIENCE & ANIMAL HUSBANDRY- LIVESTOCK PRODUCTION TECHNOLOGY, VETERINARY CLINICS, ANIMAL BIO-TECHNOLOGY |
| 12910-01 | STRENGTHENING OF THE POST-GRADUATE DEPARTMENT AT VETERINARY COLLEGE |
| 12911-00 | STRENGTHENING OF NEW DEPARTMENT AT VETERINARY SCIENCE COLLEGE. (I) VETY. EPIDEMIOLOGY & PREVENTIVE MEDICINE, (II) VETY. EXTENSION |
| 12981-00 | UPGRADING OF COLLEGE OF VETERINARY SCIENCE AND ANIMAL HUSBANDRY AS PER VETERINARY COUNCIL OF INDIA REGULATIONS |
| 12992-01 | STRENGTHENING OF ENTREPRENEUR PROGRAMME AS PER VCI (2008) AT VETERINARY COLLEGE |
| 12303-08 | IMPARTING EDUCATION ON SEMENOLOGY AND FROZEN SEMEN TECHNOLOGY TO THE STUDENTS AND FIELD VETERIANARIANS |
| **B :** | **NON PLAN (STANDING CHARGES) :-** |
| 3315-00 | POULTRY FEEDING MANUFACTURING UNIT |
| 5255-00 | STRENGTHENING OF POULTRY TRAINING CENTRE |
| 5301-00 | PROJECT FOR INVESTIGATION & RESEARCH, VETERINARY & ANIMAL HUSBANDRY |
| 5309-00 | PROJECT FOR VETERINARY SCIENCE & ANIMAL HUSBANDRY |
| 6309-00 | SCHEME FOR INCREASING THE ADMISSION CAPACITY IN DEGREE COURSE, VETERINARY SCIENCE COLLEGE |
| 6374-00 | STUDY OF CORRELATION RESPONSE TO SELECTION PATANWADI CROSS BREED SHEEP |

**ટેબલ–૧–અ માં દર્શાવેલ પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય ની યોજનાઓમાં મંજુર, ભરેલ અને ખાલી જગ્યાની માહિતી નીચે મુજબ છે :–**

| યોજનાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| પ્લાન | ૧૭ | ૧૫ | ૨ |
| નોન–પ્લાન | ૧૩૪ | ૬૭ | ૬૭ |
| કુલ... | ૧૫૧ | ૮૨ | ૬૯ |

વિગતવાર માહિતી આ સાથે સામેલ પત્રક–૧માં દર્શાવેલ છે.

### ટેબલ–૧–બ : ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય

| BUDGET HEAD | NAME OF SCHEME |
|---|---|
| **A :** | **PLAN SCHEMES (DEVELOPMENT CHARGES) :-** |
| 12351-00 | STRENGTHENING AND MODERNIZATION OF DEPARTMENT OF DAIRY SCIENCE FOR UNDER GRADUATE AND POST GRADUATE TEACHING |
| 12951-02 | MODERNIZATION OF STUDENT TRAINING DAIRY (STD) |
| 12987-09 | MODERNIZATION OF DEPARTMENT OF DAIRY ENGINEERING |
| **B :** | **NON PLAN (STANDING CHARGES) :-** |
| 5351-00 | PROJECT FOR THE DEPT. OF DAIRY SCIENCE COLLEGE |

**ટેબલ–૧–બ માં દર્શાવેલ ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય ની યોજનાઓમાં મંજુર, ભરેલ અને ખાલી જગ્યાની માહિતી નીચે મુજબ છે :–**

| યોજનાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| પ્લાન | ૧૯ | ૧૬ | ૩ |
| નોન–પ્લાન | ૮૦ | ૨૪ | ૫૬ |
| કુલ... | ૯૯ | ૪૦ | ૫૯ |

વિગતવાર માહિતી આ સાથે સામેલ પત્રક–૨માં દર્શાવેલ છે.

Scanned with CamScanner

Office of the Registrar
A.A.U. ANAND
21 JUL 2022
INWARD NO. 5849

રાજ્યની કૃષિ યુનિવર્સિટી પરિષદ/ રાજ્યની કૃષિ યુનિવર્સિટી ઓના **શૈક્ષણિક સંવર્ગના** કર્મચારીઓ/ પેન્શનરોને સાતમા પગારપંચના પગાર/ પેન્શન તફાવતની રકમની ચૂકવણી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- ગકવ-૧૬૨૦૧૯-૧૭૮૩-ક.૨
સચિવાલય-ગાંધીનગર.
તારીખ:-૨૧/૦૭/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરનો તા.૨૭/૦૪/૨૦૨૨ નો પત્રક્રમાંક:- કૃયુકા / હિસાબી / ૩૦૮ / ૨૦૨૨.

(૨) રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરનો તા.૧૪/૦૬/૨૦૨૨ નો પત્રક્રમાંક:- કૃયુકા / હિસાબી / ૪૨૧ / ૨૦૨૨.

**આમુખ:-**

રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના વંચાણે લીધા ક્રમાંક:-(૧) ના પત્રથી રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક સંવર્ગના કર્મચારી / અધિકારીઓ તેમજ નિવૃત્ત થયેલ કર્મચારી / અધિકારીઓને સાતમા પગારપંચ મુજબ પગાર ભથ્થાંના તફાવતની કુલ રૂ. **૧૦૪.૧૯ કરોડ** (એકસો ચાર કરોડ ઓગણીસ લાખ રૂપિયા પુરા) રકમ સંબંધિત કૃષિ યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી ચૂકવવાની બાબત ચારેય કૃષિ યુનિવર્સિટીની સંયુક્ત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક સંવર્ગના કર્મચારી / અધિકારીઓ તેમજ નિવૃત્ત થયેલ કર્મચારી / અધિકારીઓને સાતમા પગારપંચ મુજબ **રાજ્ય સરકારના હિસ્સાની** પગાર ભથ્થાંના તફાવતની કુલ ચુકવવાપાત્ર રકમ રૂ.૭૭.૯૮ કરોડ (સિત્તોતેર કરોડ અઠ્ઠાણું લાખ પુરા) તથા શૈક્ષણિક સંવર્ગના પેન્શનરોને ચુકવવાની થતી રૂ. ૨૬.૨૧ કરોડ (છવ્વીસ કરોડ એકવીસ લાખ પુરા) મળી કુલ ૧૦૪.૧૯ કરોડ ( એકસો ચાર કરોડ ઓગણીસ લાખ પુરા) રકમની ચૂકવણી નીચેની વિગતે ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | કૃષિ યુનિવર્સિટીનું નામ | વિગત | સમયગાળો | તફાવતની રકમ (કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧. | આણંદ | શૈક્ષણિક કર્મચારી / અધિકારીઓ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૯ (૩૯ મહિના) | ૧૬.૩૫ |
| ૨. | જુનાગઢ | | | ૧૬.૯૨ |
| ૩. | નવસારી | | | ૨૫.૯૪ |
| ૪. | દાંતીવાડા | | | ૧૮.૭૭ |
| | | | કુલ:- | ૭૭.૯૮ |

Scanned with CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | આણંદ | શૈક્ષણિક નિવૃત્ત અધિકારી / કર્મચારીઓ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૧૧/૨૦૧૯ (૪૭મહિના) | ૭.૫૦ |
| ૨. | જુનાગઢ | | | ૬.૮૬ |
| ૩. | નવસારી | | | ૬.૫૦ |
| ૪. | દાંતીવાડા | | | ૫.૩૫ |
| | | | કુલઃ- | ૨૬.૨૧ |
| | | | એકંદરે સરવાળોઃ- | ૧૦૪.૧૯ |

૨. કેન્દ્ર સરકારના (ICAR) હિસ્સાની પગાર તફાવતની બાકી રહેતી ચુકવવાપાત્ર રકમ રૂ.૭૭.૯૮ કરોડની ચુકવણી ICAR પાસેથી ગ્રાન્ટ મળ્યેથી કરવાની રહેશે ( કૃષિ યુનિ.ના સ્વભંડોળમાંથી કરી શકાશે નહી)તેમજ ICAR પાસેથી ગ્રાન્ટ સમયસર ઉપલબ્ધ થાય તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની જવાબદારી રાજ્ય કૃષિ યુનિ પરિષદ/ રાજય કૃષિ યુનિવર્સિટીઓની રહેશે અને આ અંગે થયેલ કાર્યવાહીની સરકારશ્રીને જાણ કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૦૭/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chetan

(ચેતન એસ. દવે )
ઉપ સચિવ (કૃષિ યુનિ.)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી ( કૃષિ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- અંગત સચિવશ્રી, માન. રા.ક. મંત્રીશ્રી ( કૃષિ ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
- કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર.
- સહપ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- રેસીડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી, પગાર એકમ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.

Scanned with CamScanner

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/ પેન્શનરોને સાતમા પગારપંચના પગાર/ પેન્શન તફાવતની રકમની ચૂકવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- ગકવ-વક-૨૦૧૮-૬૯૧-ક.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 30 MAY 2022

**વંચાણે લીધા:-**

(૧) રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરનો તા.૨૭/૦૪/૨૦૨૨નો પત્રક્રમાંક :- કૃયુકા / હિસાબી / ૩૦૭ / ૨૦૨૨.

**આમુખ:-**

રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના વંચાણે લીધા ક્રમાંક-(૧) ના પત્રથી રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારી / અધિકારીઓ તેમજ નિવૃત્ત થયેલ કર્મચારી / અધિકારીઓને સાતમા પગારપંચ મુજબ પગાર ભથ્થાના તફાવતની કુલ રૂ.૬૫.૨૭ કરોડ (પાસઠ કરોડ સત્યાવીસ લાખ પુરા) રકમ સંબંધિત કૃષિ યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી ચૂકવવાની બાબત ચારેય કૃષિ યુનિવર્સિટીની સંયુક્ત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ તેમજ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં ફરજ બજાવતા બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારી / અધિકારીઓ તેમજ નિવૃત્ત થયેલ કર્મચારી / અધિકારીઓને સાતમા પગારપંચ મુજબ પગાર ભથ્થાના તફાવતની કુલ રૂ.૬૫.૨૭ કરોડ (પાસઠ કરોડ સત્યાવીસ લાખ પુરા) રકમની ચૂકવણી સંબંધિત કૃષિ યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી નીચેની વિગતે ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કૃષિ યુનિવર્સિટીનું નામ | વિગત | સમયગાળો | તફાવતની રકમ (કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | બિન શૈક્ષણિક કર્મચારી / અધિકારીઓ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ (૧૯ મહિના) | ૧૬.૫૦ |
| ૨ | જૂનાગઢ | | | ૧૧.૧૭ |
| ૩ | નવસારી | | | ૧૧.૧૦ |
| ૪ | દાંતીવાડા | | | ૧૧.૫૦ |
| | | | કુલ:- | ૫૫.૨૭ |
| ૧ | આણંદ | બિન શૈક્ષણિક નિવૃત્ત અધિકારી / કર્મચારીઓ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૯/૨૦૧૬ (૯ મહિના) | ૩.૫૦ |
| ૨ | જૂનાગઢ | | | ૧.૧૨ |
| ૩ | નવસારી | | | ૧.૩૮ |
| ૪ | દાંતીવાડા | | | ૩.૫૦ |
| | | | કુલ:- | ૧૦.૦૦ |
| | | | એકંદરે સરવાળો:- | ૬૫.૨૭ |

(P.T.O.)

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩.૦૫.૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નીતિન ભાવસાર)
ઉપ સચિવ (કૃ.યુ.)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (કૃષિ) નુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- અંગત સચિવશ્રી, માન. રા.ક. મંત્રીશ્રી (કૃષિ) નુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
- કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
- કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ અર્થે.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- રેસીડન્ટ ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી, પગાર એકમ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.

Scanned with CamScanner

Azadi Ka Amrit Mahotsav

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ(ગુજરાત)

ડૉ. ગૌતમ.આર.પટેલ
કુલસચિવ

(ઓ)-૦૨૬૯૨-૨૬૧૩૧૦
Visit us : www.aau.in; E-mail : registrar@aau.in

જા.નં. આકૃયુ/રજી/સંકલન/૧૪૮-૫૭/૨૦૨૩ તા. ૬/૦૧/૨૦૨૩

પ્રતિ,
(૧) સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**વિષયઃ** રાજય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧/૦૪/૨૦૨૧ બાદ કામધેનું યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગાર પંચના તફાવતની રકમ ચૂકવવા બાબત....

**સંદર્ભઃ** (૧) કુલસચિવશ્રી, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ કાયુ/રજી/યુ.૧/વહટ/૮૧૮૫/૨૨ તા.૨૦/૧૨/૨૦૨૨
(૨) સેકશન અધિકારીશ્રી(ક.ર.), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંકઃગકવ-૧૬૨૦૨૨-૧૩૭૪-ક.ર., તા.૦૬/૧૦/૨૦૨૨ની કાર્યવાહી નોંધ.
(૩) સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંકઃપરચ/૧૩૨૦૧૯/એમ.૩૨/પી.૧ તા.૨૦/૧૦/૨૦૨૨
(૪) સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ(ક.ર.),સચિવાલય, ગાંધીનગરના તા.૦૪/૧૧/૨૦૨૨નો ઈ-મેઈલ.

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ-(૧) પત્રના અનુસંધાને જણાવવાનું કે, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧/૦૪/૨૦૨૧ થી કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શિક્ષણની યોજનાઓ પૈકી ડેરી સાયન્સ કોલેજ અને વેટરીનરી સાયન્સ કોલેજમાં ફરજ બજાવતા શૈક્ષણીક અને બિન-શૈક્ષણીક સંવર્ગના કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવા અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

વધુમાં સંદર્ભ-(૨) ની વિગતો ધ્યાને લેતા સંદર્ભ-(૩)માં જણાવ્યા મુજબ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧/૦૪/૨૦૨૧ બાદ કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણીક અને બિન શૈક્ષણીક કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવાના સંબંધમાં નાણા વિભાગનું માર્ગદર્શન મેળવવા બાબતની દરખાસ્ત સબંધમાં નાણા વિભાગના પરામર્શ અનુસાર સદરહું બાબતે માન.મંત્રીશ્રી(કૃષિ)ની અધ્યક્ષતામાં મળેલ તા.૧૪/૦૯/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં. ૫ માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે તેમજ સંદર્ભ-(૪) ના ઈ-મેઈલથી તા.૨૦/૧૦/૨૦૨૨નો પત્ર જાણ સારૂ મોકલી આપેલ છે તો તે અન્વયે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

કુલસચિવ

**સામેલઃ ઉપર મુજબ**

E:\Coordination-2023\Kamdhanu University Information Latter - Copy.docx

(પાદ.બ)

**નકલ જય ભારત સહ રવાના જાણ સારૂ.**

(૧) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સયોધોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ તરફ જાણ સારૂ.

(૨) નાયબ સચિવશ્રી(પશુપાલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગજરાત રાજય, બ્લોક-૫, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૩) સેકશન અધિકારીશ્રી(ક.ર.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૪) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, નવસારી/સ.કૃ.નગર/જુનાગઢ તરફ જાણ સારૂ.

(૫) કુલસચિવશ્રી, કામધેનું યુનિવર્સિટી, બી-૧ વીંગ, ચોથો માળ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૬) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, સેકટર-૧૦-એ., ગાંધીનગર તરફ જાણ સારૂ.

# કામધેનુ યુનિવર્સિટી

જા.નં.કાયુ/૨૭/યુ.૧/૫૨૮/૬૦૦૬/૨૦૨૨ | તા. ૧૩/૧૨/૨૦૨૨

પ્રતિ,
કુલસચિવશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર.
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

Office of the Registrar
A.A.U., ANAND.
26 DEC 2022
INWARD NO. 70770

**વિષય:** રાજ્ય કૃષિ યુનિવર્સિટીમાં તા.૦૧/૦૪/૨૦૨૧ બાદ કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચુકવવા તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઇ.સી.એ.આર.) ના ૫૦% ફાળા બાબત.

**સંદર્ભ:**
(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બેઠકની કાર્યવાહી નોંધ ક્રમાંક: ગકપ/૧૫૨૦૨૨/૧૩૭૪/ક.૨ તા.૦૬/૧૦/૨૦૨૨
(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો પત્ર ક્રમાંક: પરચ/૧૩૨૦૧૮/એમ-૩૨/પી૧ તા.૨૦/૧૦/૨૦૨૨
(૩) ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઇ.સી.એ.આર.) નો પત્ર ક્રમાંક Agril.Edn.17-8/2018-A&P(Pt.) Dt.02/12/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરના નિયંત્રણ હેઠળ તબદીલ કરાયેલ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળની વેટરનરી, ડેરી, અને ફીશરીઝ ફેકલ્ટીની કોલેજો / સંસ્થાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચુકવવા સંદર્ભે માન. મંત્રીશ્રી (કૃષિ) દ્વારા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિકારીઓ, રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીઓ તથા અધિકારીઓ સાથે તા.૨૫ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન અલગ અલગ બેઠક કરવામાં આવેલ. આ બેઠકમાં વિષય હેઠળના મુદ્દા અંગે નાણા વિભાગનો પરામર્શ કરી માર્ગદર્શન મેળવવાનું નક્કી થયેલ હતું.

સંદર્ભ – ૧ મુજબ માન. મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન, ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં તા.૧૪/૦૯/૨૦૨૨ના રોજ સ્વર્ણિમ સંકુલ–૧, ગાંધીનગર ખાતે રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, નાયબ સચિવશ્રી(પશુપાલન), નાયબ સચિવશ્રી (કૃષિ યુનિવર્સિટીઓ), પશુપાલન નિયામકશ્રી તથા કૃષિ નિયામકશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ "રાજ્ય કૃષિ યુનિવર્સિટીમાંથી

સરનામુ: બી–૧ વીંગ, ત્રીજો માળ, બ્લોક નં. ૧, કર્મયોગી ભવન, સેક્ટર: ૧૦ એ, ગાંધીનગર, ગુજરાત – ૩૮૨૦૧૦
વેબસાઈટ: www. https://www.kamdhenuuni.edu.in ઈમેઈલ: registrar@kamdhenuuni.edu.in

# કામધેનુ યુનિવર્સિટી

કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ કર્મચારીઓને જે સમયગાળાનું એરિયર્સ ચૂકવવાનું થાય છે તે સમયગાળાનો પગાર તે કર્મચારીઓએ જે કચેરી/ યુનિવર્સિટી ખાતેથી મેળવ્યો હોય તે જ કચેરી/ યુનિવર્સિટી ખાતેથી એરીયર્સની ચૂકવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો." આ નિર્ણયનો અચૂક અમલ કરવા તમામ યુનિવર્સિટીઓને જણાવવામાં આવેલ છે.

સંદર્ભ – ૨ ને ધ્યાને લેતા રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧/૦૪/૨૦૨૧ બાદ કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવાના સબંધમાં નાણા વિભાગના પરામર્શ અનુસાર સદરહુ બાબતે માન. મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધનની મળેલ તા.૧૪/૦૮/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં. ૫ માં દર્શાવ્યા મુજબની આનુસાંગિક કાર્યવાહી કરવા જણાવેલ છે.

ઉકત બાબત ધ્યાને લેતા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઈ.સી.એ.આર.) ના સંદર્ભ ક્રમ – ૩ ના પત્ર અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૧ની અસરથી તબદીલ થયેલ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી સાતમા પગારપંચ મુજબનો પગાર તફાવત રકમની ચૂકવણી આપની કક્ષાએથી કરવાની હોવાથી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઈ.સી.એ.આર.) નો ૫૦% ફાળો મેળવવા અંગેની જરુરી કાર્યવાહી આપની કક્ષાએથી હાથ ધરવા વિનંતી છે.

કુલસચિવ

**નકલ સવિનય રવાના:**

૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર
૨) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, કૃષિ યુનિવર્સિટીઓ, નવસારી / આણંદ / સરદાર કૃષિનગર / જૂનાગઢ .
૩) નાયબ સચિવશ્રી(પશુપાલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪) નાયબ સચિવશ્રી(કૃષિ યુનિવર્સિટી), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫) હિસાબ નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર
૬) હિસાબ નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટીઓ, નવસારી / આણંદ /સરદારકૃષિનગર / જૂનાગઢ.

સરનામું: બી-૧ વીંગ, ત્રીજો માળ, બ્લોક નં. ૧, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૦
વેબસાઈટ: www. https://www.kamdhenuuni.edu.in ... registrar@kamdhenuuni.edu.in

માન.મંત્રીશ્રી(કૃષિ)ની અધ્યક્ષતામાં ૧૪ મી સપ્ટેમ્બર,૨૦૫૨ના રોજ બપોરે-૧૩:૦૦ કલાકે, સ્વર્ણિમ સંકુલ – ૧, ગાંધીનગર ખાતે કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીઓ તથા વિભાગના અને કૃષિ મંત્રાલયના અધિકારીશ્રીઓ સાથે યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ (Draft Copy)

ઉક્ત બેઠકમાં ઉપસ્થિત રહેલ પદાધિકારી/અધિકારીશ્રીઓ

| | |
|---|---|
| ૧ | માન.મંત્રીશ્રી(કૃષિ), કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન, ગુજરાત સરકાર, ગાંધીનગર. |
| ૨ | કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ. |
| ૩ | કુલપતિશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર. |
| ૪ | કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૫ | કુલપતિશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર. |
| ૬ | અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(કૃષિ), સ્વર્ણિમ સંકુલ – ૧, ગાંધીનગર. |
| ૭ | નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ.),કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર. |
| ૮ | નાયબ સચિવશ્રી(પશુપાલન),કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર. |
| ૯ | ઉપસચિવશ્રી(કૃષિ યુનિ.),કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર. |
| ૧૦ | કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ. |
| ૧૧ | કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર. |
| ૧૨ | કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી. |
| ૧૩ | કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ. |
| ૧૪ | કુલસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર. |
| ૧૫ | આચાર્ય અને ડીનશ્રી, કૃષિ કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ. |
| ૧૬ | સેક્શન અધિકારીશ્રી (ક.૨), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર. |
| ૧૭ | સેક્શન અધિકારીશ્રી (પશુપાલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર. |

## (૧) કૃષિ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના એડમીશનની સ્થિતિ.

તા.૨૯.૦૪.૨૦૨૨નાં રોજ ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પોલિટેકનીક, સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાનાં પ્રવેશ માટે તથા અન્ય મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવા માટે ચારેય કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી/સંશોધન નિયામકશ્રી/કુલસચિવશ્રી/નિયામકશ્રી ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી તથા સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ અને મદદનીશ કુલસચિવ (એકેડેમીક)ની મળેલ બેઠકમાં પ્રવેશની કાર્યવાહી નીચે મુજબ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. તે પ્રમાણે પ્રવેશની કામગીરી ચાલુ છે.

| પ્રવેશ કાર્યવાહી | યુનિવર્સિટીનું નામ |
|---|---|
| ડી ટુ ડી (એ-ગૃપ અને બી-ગૃપ) | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| સ્નાતક કક્ષા (એ-ગૃપ અને બી-ગૃપ) | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| અનુસ્નાતક કક્ષા | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| પોલિટેકનીક અભ્યાસક્રમો | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |

A.A.U. ANAND
12 OCT 2022
8670

કૃષિ યુનિવર્સિટીઓમાં ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન.

(૨) કૃષિ યુનિવર્સિટીઓમાં ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન. સદર બાબતે સંવર્ગ પ્રમાણે સીધી ભરતી તથા બઢતી બાબતે નીચેની વિગતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

**(૧) શૈક્ષણિક સંવર્ગની સીધી ભરતીઃ**

➢ ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ ગકવ-૧૬૨૦૧૮-૧૩૧૬-ક-૨, તા.૦૭/૦૬/૧૯ થી રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી સાતમાં પગાર પંચનો અમલ કરેલ છે. ઠરાવની શરત નં. (૫) મુજબ ભરતી, બઢતી તેમજ સેવા વિષયક નિયમો ICAR/UGC/DARE મુજબ રાખી તેનુ ચુસ્તપણે પાલન કરવા તેમજ તે મુજબ સ્ટેચ્યુટમાં જરૂરી સુધારા પણ કરવા જણાવેલ છે. જે અન્વયે સ્ટેચ્યુટમાં શૈક્ષણિક સંવર્ગના ભરતી નિયમોમાં સુધારા પણ કરવાના થાય જે અંગે કાર્યવાહી પૂર્ણ થયેલ નથી જેથી હાલનાં તબક્કે પ્રવર્તમાન નિયમો મુજબ ખાલી રહેલ જગ્યાઓની ભરતી કરવાનું નક્કી કરવામાં આવ્યું તથા વહેલી તકે સૂચવ્યા મુજબનાં સુધારાઓ કરવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. નીચે મુજબની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ખાલી પડેલ જગ્યાઓની ભરતીની નિયમોનુસાર કાર્યવાહી તાત્કાલિક ચારેય યુનિવર્સિટીઓએ સંયુક્ત રીતે કરવાનું ઠરાવવામાં/ નક્કી કરવામાં આવ્યું.

યુનિવર્સિટી દ્વારા રજુ કરવામાં આવેલ ખાલી જગ્યાઓની વિગત

| ક્રમ | સંવર્ગ | AAU | JAU | NAU | SDAU | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક સંવર્ગ | ૧૭૪ | ૨૪૮ | ૮૦ | ૧૯૬ | ૬૯૮ |
| ૨ | બિન શૈક્ષણિક સંવર્ગ | ૨૮૦ | ૨૭૨ | ૯૬ | ૫૧૦ | ૧૧૫૮ |
| | કુલ જગ્યા – | ૪૫૪ | ૫૨૦ | ૧૭૬ | ૭૦૬ | ૧૮૫૬ |

➢ બિન શૈક્ષણિક સંવર્ગમાં બઢતી પાત્ર તમામ જગ્યાઓની વહીવટી મંજુરી તાત્કાલીક મેળ... નક્કી કરવામાં આવ્યું.

કામગીરી પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

➢ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં સને ૨૦૨૧માં સંયુક્ત જાહેરાતથી જૂનીયર ક્લાર્કની ( ... કરવામાં આવેલ તેની ૨૦% પ્રતિક્ષાયાદી પૂર્ણ થઈ ગયેલ હોય બીજા વિભાગમાં ( ... પ્રતિક્ષા યાદી બનાવેલ હોય કૃષિ યુનિવર્સિટીમાં પણ વધારાના ૨૦% ઉમેદવ... પ્રતિક્ષાયાદી એટલે કે કુલ ૪૦% ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવા માટે સરકાર... મંજૂરી માટે દરખાસ્ત કરવી.

## (૩) કૃષિ યુનિવર્સિટીઓમાં સપ્ટેમ્બર/ઓક્ટોમ્બર-૨૦૨૨ દરમ્યાન થનાર ભરતી.

➢ આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસ... બાદ ઓક્ટોમ્બર-૨૦૨૨માં સીધી ભરતીથી ૨૦ ખેતી મદદનીશની જગ્યાઓ આવશે તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ૫૮ ખેતી મદદ... અધિકારીઓની ભરતી કરવામાં આવશે.

જા. નં. ૩૫૮ –
તા. ૦૪/૧૧/૨૦૨૦

પૃ.૧૯/૨૫૪

(૪) કૃષિ યુનિવર્સિટીઓમાં એપ્રેન્ટિસ અંગેની સ્થિતિ.
કૃષિ યુનિવર્સિટીઓમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે જેથી એપ્રેન્ટિસ અંગેની વિગતો લાગુ પડતી નથી.

(૫) કામધેનુ યુનિવર્સિટીને ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) અધિનિયમ-૨૦૨૦ ની જોગવાઈઓ મુજબ હસ્તાંતરણની પ્રક્રિયા બાબત.

- રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટી અને કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત સ્થાવર અને જંગમ મિલકત તથા સ્ટાફના હસ્તાંતરણ અંગે બંને પક્ષો સમાધાનકારી વલણ અપનાવી સુમેળભર્યા વાતાવરણમાં નિયમોનુસાર કામગીરી પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ પાંચેય યુનિવર્સિટીઓના કર્મચારીઓને સાતમા પગારપંચના એરિયર્સની ચૂકવણી કરવા બાબતે કર્મચારીએ જે સમયગાળાનું એરિયર્સ ચૂકવવાનું થાય છે તે સમયગાળાનો પગાર તે કર્મચારીએ જે કચેરી/ યુનિવર્સિટી ખાતેથી મેળવ્યો હોય તે જ કચેરી/ યુનિવર્સિટી ખાતેથી એરિયર્સની ચૂકવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણયનો અચૂક અમલ કરવાં તમામ યુનિવર્સિટીઓને જણાવવામાં આવ્યુ.

(૬) કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક કૃષિ શિક્ષણના અમલીકરણ બાબત.
ચાલુ શૈક્ષણિક વર્ષથી થી ચોથા, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં B.Sc.(Agri.) ડિગ્રી પ્રોગ્રામમાં છઠ્ઠા અને આઠમાં સેમેસ્ટરમાં પ્રાકૃતિક ખેતી પરના વિષયો નોન ક્રેડીટ વિષય તરીકે ઉમેરવાનું નક્કી કરવામાં આવ્યુ.

(૭) ચર્ચા દરમ્યાન માન.મંત્રીશ્રી દ્વારા બેઠકમાં ઉપસ્થિત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓને સંબોધીને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ સંશોધન ક્ષેત્રે છેલ્લા ૧૦ વર્ષમાં કરેલ પ્રયાસ અને પ્રગતિ બાબતે પૃચ્છા કરી રાજ્યના ખેડૂતોને ઉપયોગી એવા કોઈ નક્કર સંશોધનો કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવતા ન હોઈ,તે બાબતે નારાજગી વ્યક્ત કરી, રાજ્યના ખેડૂતોને ખૂબજ ઉપયોગી એવા ખાતર, બિયારણ તથા વિવિધ કૃષિલક્ષી તકનિકીઓ બાબતે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિવિધ સંશોધનો કરવામાં આવે અને તે અંગેની માહિતી ખેડૂતોને પુરી પાડવામાં આવે તે મુજબની કામગીરી કરવા સૂચના આપી.

બેઠકના અંતમા હાજર રહેલ માનનીય મંત્રીશ્રી અને અધિકારીશ્રીઓનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

નાયબ સચિવ (કૃષિ યુનિ.)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

નકલ રવાના:

- કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- કુલપતિશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા.
- કુલપતિશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.
- કુલપતિશ્રી, કામધેનુ કૃષિ યુનિવર્સિટી, બી-વિંગ ચોથો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર.

તરફ ઉક્ત કાર્યવાહી નોંધમાં સમાવિષ્ટ તમામ મુદ્દાઓની ઝડપી અમલવારી કરવા સારૂ...

ક્રમાંક:ગકવ-૧૬૨૦૨૨-૧૩૭૪-ક.૨
ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. /૧૦/૨૦૨૧
06 OCT 2022

**નકલ સવિનય રવાના જાણ સારૂ પ્રતિ,**

- માન.મંત્રીશ્રી(કૃષિ, પશુપાલન તથા ગૌસંવર્ધન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (પશુપાલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (પી-૧), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઈલ.

(એન.બી.રાઠોડ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર
વિભાગ

આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ

**નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**
આ કચેરીની એડીએમ-૧, ૨, લીગલ, પરીક્ષા શાખાઓ તરફ.

જા. નં. આકૃયુ/રજિ/સંકલન/૭૪૦૫-૦૯/૨૦૨૨
તા. ૦૪/૧૧/૨૦૨૨

કુલસચિવ

**નકલ રવાના:**
કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ.

S.A.U. ANAND
1 NOV 2022
9145

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૯/એમ-૩૨/પી૧
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૧૦/૨૦૨૨

પ્રતિ,
કુલસચિવશ્રી,
કામધેનુ યુનિવર્સિટી,
બી-૧ વીંગ, ૪થો માળ,બ્લોક નં.૧,
કર્મયોગી ભવન,સેકટર-૧૦ એ,ગાંધીનગર

વિષય: રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧/૦૪/૨૦૨૧ બાદ કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આપની કચેરીના તા.૦૫/૦૮/૨૦૨૨ ના પત્ર ક્રમાંક: કાયુ/રજી/યુ-૧/વહટ/૫૦૪૭/૨૦૨૨ થી કરેલ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧/૦૪/૨૦૨૧ બાદ કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવાના સબંધમાં નાણા વિભાગનું માર્ગદર્શન મેળવવા બાબતની દરખાસ્ત સબંધમાં નાણા વિભાગના પરામર્શ અનુસાર સદરહું બાબતે માન.મંત્રીશ્રી (કૃષિ,પશુપાલન અને ગૌસંવર્ધન)ની અધ્યક્ષતામાં મળેલ તા.૧૪/૦૯/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં.૫ માં દર્શાવ્યા મુજબની આનુષાંગિક કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(આશિષ ચૌધરી)
સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ:- ઉપર મુજબ
નકલ રવાના જાણ સારૂ:-

- સહ પ્રાધ્યાપકશ્રી,રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ કૃષિભવન,ગાંધીનગર

- કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
- કુલપતિશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી
- કુલપતિશ્રી,સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,દાંતીવાડા
- કુલપતિશ્રી,જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,જૂનાગઢ
- સેકશન અધિકારીશ્રી (ક.ર),કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,ગાંધીનગર

AAU IT Center
AAU Anand

registrar aau <registrar@aau.in>

# ાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી તા.૦૧-૦૪-૨૦૨૧ બાદ કામધેનુ ,નિવર્સિટીમાં તબદીલ થયેલ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને ાતમા પગારપંચના તફાવતની રકમ ચૂકવવા બાબત.

aushal R BAROT(GoG-Agriculture Dept.) <so-k2-gri@gujarat.gov.in> Fri, Nov 4, 2022 at 5:09 PM

o: "registrar@aau.in" <registrar@aau.in>, "registrar@sdau.edu.in" <registrar@sdau.edu.in>, egistrar JAU <registrar@jau.in>, "registrar@nau.in" <registrar@nau.in>, COUNCIL STATE GRICULTURAL UNIVERSITY <saucouncil@gmail.com>

આ સાથે સામેલ પી-૧ શાખાનો તા.૨૦-૧૦-૨૦૨૨નો પત્ર જાણ સારુ મોકલી આપેલ છે.

**(એન.બી. રાઠોડ)**

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

Scan_20221104_170626.pdf
139K

Office of the Registrar
A.A.U., ANAND.
4 NOV 2022
INWARD NO. 9370